લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ
રાહત દરના કેરોસીન વિતરણમાં
પારદર્શિતા લાવવા બાબત...

અન્ન અને નાગરિક પુરવઠા નિયામકની કચેરી,
બ્લોક નં.૧૩, ૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ક્રમાંકઃઅતલ/કસન/વિતરણ-પારદર્શિતા/૨૯૧/૨૦૧૨
તારીખઃ ૬/૧૦/૨૦૧૨

**<u>પરિપત્ર</u>** :–

૧.૦ અન્ન સલામતી માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબ કુટુંબોને રાહત દરે અનાજનું વિતરણ કરવામાં આવે છે. ઉપરાંત LPG/PNG કનેકશન નહી ધરાવતાં રેશનકાર્ડ ધારકોને રાહત દરના કેરોસીનની પણ ફાળવણી કરવામાં આવે છે. જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શી અને અસરકારક બનાવવા માટે વર્ષ ૨૦૧૦થી કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ યોજના હેઠળ બારકોડેડ રેશનકાર્ડ તેમજ બાયો મેટ્રીક ફુડ કુપનની યોજના પણ અમલમાં મુકવામાં આવેલ છે.

૨.૦ PDS Transparency Portal એટલે કે (dcs-dof.gujarat.gov.in/live-info.htm) ઉપર વાજબી ભાવની દુકાનના વિસ્તાર દીઠ રેશનકાર્ડ ધારકોની યાદી મુકવામાં આવેલ છે. જેમાં કાર્ડ ધારકોનું નામ, સરનામું, કાર્ડની કેટેગરી, કુટુંબના સભ્યોની સંખ્યા ઉપરાંત LPG/PNG નું સ્ટેટસ અને તેઓ કેરોસીન મેળવે છે કે કેમ, તેવી તમામ વિગતો મુકવામાં આવેલ છે. રાહત દરના કેરોસીનના વિતરણની કામગીરીની વધુ પારદર્શક બનાવવાના હેતુસર નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

૩.૦ ભારત સરકારની ઓઈલ કંપનીઓ ધ્વારા નિમાયેલ તેમજ આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ રાજ્ય સરકારે બહાર પાડેલ પરવાના માટે ના હુકમ અન્વયે પરવાના ધારણ કરતા કેરોસીનના જથ્થાબંધ ડીલરોએ, મામલતદાર/ઝોનલ અધિકારીશ્રીઓએ આપેલ માસિક પરમીટ મુજબ વાજબી ભાવના દુકાનદાર/કેરોસીનના છુટક વિક્રેતા અને ફેરીયાઓને ડોરસ્ટેપ ડીલીવરી પધ્ધતિ થકી કેરોસીનનું વિતરણ હાથ ધરે છે. પરવાનાની શરતો મુજબ કેરોસીનના જથ્થાબંધ ડીલરો મેન્યુઅલી સ્ટોક પત્રકો નિભાવે છે. તેમજ જે તે દિવસનો ઉઘડતો જથ્થો, દિવસ દરમ્યાન કેરોસીનની થયેલ આવક, દિવસ

દરમ્યાન વાજબી ભાવના દુકાનદાર/ છુટક વિક્રેતા કે ફેરીયાઓને આપેલ કેરોસીનનો જથ્થો અને દિવસના અંતે બાકી રહેલ બંધ સ્ટોકની વિગતો નોંધવામાં આવે છે.

૪.૦ જે રીતે સપ્ટેમ્બર–૨૦૧૨થી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ હસ્તકના ગોડાઉનોમાંથી કોમ્પ્યુટરાઈઝડ પધ્ધતિથી રાહત દરના અનાજનું વાજબી ભાવના દુકાનદારોને ડોરસ્ટેપ ડીલીવરી પધ્ધતિથી વિતરણ શરુ થવાને કારણે વિતરણની કામગીરી પારદર્શી થયેલ છે તેજ પ્રમાણે રાહતદરના કેરોસીનની ડોરસ્ટેપ ડીલીવરીની પધ્ધતિમાં પણ વધુ પાદરર્શીતા લાવવાની જરુરીઆત જણાઈ આવેલ છે. આ હેતુને સિધ્ધ કરવા માટે કેરોસીનના જથ્થાબંધ ડીલરોએ મેન્યુઅલ સ્ટોક પત્રકની નિભાવણી ઉપરાંત વિભાગ હસ્તકના PDS Portal "ipds.gujarat.gov.in" માં 'ઓનલાઈન સ્ટોક પત્રક' નિભાવવાના રહેશે. આ માટે દરેક જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓએ કેરોસીનના ડીલરો પાસેથી User Name અને Password મેળવવા માટે જરુરી ફોર્મ ભરાવડાવીને NIC ના DIOને અરજી કરવાની રહેશે. કેરોસીનના જથ્થાબંધ ડીલરોએ ઓનલાઈન પધ્ધતિ મુજબ સ્ટોક પત્રકો નિભાવવા માટે રાજ્ય સરકારે લાયસન્સ કંટ્રોલ ઓર્ડર–૧૯૮૧ હેઠળ જરુરી નોટીફીકેશન તારીખઃ ૩/૧૦/૧૨ના રોજ બહાર પાડેલ છે. આ નોટીફીકેશનની જોગવાઈ અનુસાર કેરોસીનના તમામ જથ્થાબંધ ડીલરોએ ઓકટોબર–૨૦૧૨થી online status પત્રક પણ નિભાવવાનું રહેશે.

કેરોસીનના જથ્થાબંધ ડીલરોના ONLINE સ્ટોક પત્રકની માહિતીના આધારે દરેક વાજબી ભાવની દુકાન વિસ્તારના વીજીલન્સ કમીટીના સભ્યોને SMS Alert મોકલવા માટેની કાર્યવાહી ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે, જેની સર્વેએ નોંધ લેવી.

નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી.

પ્રતિ,
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
નિયંત્રકશ્રી, અન્ન, નાગરિક પુરવઠા, અમદાવાદ શહેર.
સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.